"સંકલ્પભૂમિ સ્મારક", વડોદરા ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવનને લગત કન્ટેન્ટના ગ્રાફિક્સ તેમજ વોઈસ ઓવર અંગેની ચકાસણી કરવા માટેની કન્ટેન્ટ સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૭૪૨૧૩/હ(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૧૨/૨૦૨૪

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૭/૧૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક:અજાક/મ-૩/૨૦૨૪/૬૭૯૬-૬૭૯૮
(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૩/૧૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક:અજાક/મ-૩/૨૦૨૪/૬૮૫૨-૬૮૫૪

આમુખ:

ભારત સરકાર દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીના સંદર્ભમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા બે નવા સ્થળોનો વિકાસ કરવાનો નિર્ણય કરેલ હતો. જેમાં "સંકલ્પભૂમિ સ્મારક", વડોદરાનો સમાવેશ થયેલ છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરના સંકલ્પ દિવસ તા.૨૩/૦૯/૧૯૧૭ ને વર્ષ-૨૦૧૭ માં ૧૦૦ વર્ષ પૂર્ણ થયેલ છે. જે અન્વયે "સંકલ્પભૂમિ સ્મારક", વડોદરા ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવનને લગત કન્ટેન્ટના ગ્રાફિક્સ તેમજ વોઈસ ઓવર અંગેની ચકાસણી કરવા માટેની કન્ટેન્ટ સમિતિની રચના કરવા માટે નિયામકશ્રી(અ.જા.ક.)ના વંચાણે લીધા ક્રમાંક-(૧) તથા (૨) પરના અનુક્રમે તા.૨૭/૧૧/૨૦૨૪ તથા તા.૦૩/૧૨/૨૦૨૪ ના પત્રોથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, "સંકલ્પભૂમિ સ્મારક", વડોદરા ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવનને લગત કન્ટેન્ટના ગ્રાફિક્સ તેમજ વોઈસ ઓવર અંગેની ચકાસણી કરવા માટે નીચે મુજબની કન્ટેન્ટ સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી ભાગ્યેશ જહા, નિવૃત્ત આઈ.એ.એસ. | અધ્યક્ષ |
| ૨ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર | સભ્ય |
| ૩ | નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું, ગાંધીનગર | સભ્ય |
| ૪ | ભાષા નિયામકશ્રી, ભાષા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર | સભ્ય |
| ૫ | નાયબ સચિવશ્રી(અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 11-Dec-2024 (12:54 PM)

| | | |
|---|---|---|
| ૬ | સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર | સભ્ય |
| ૭ | સંયુક્ત નિયામકશ્રી(તકેદારી એકમ), અનુસૂચિત જાતિ કલ્યાણ, વડોદરા | સભ્ય સચિવ |
| ૮ | નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, વડોદરા | સભ્ય |
| ૯ | ડૉ. સંજય જોષી, અધિક કલેક્ટર વ જનરલ મેનેજરશ્રી, ગાંધી આશ્રમ, અમદાવાદ | સભ્ય |
| ૧૦ | શ્રી અરૂણ વાઘેલા, પ્રોફેસર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | સભ્ય |
| ૧૧ | ડૉ.અમિત પ્રિયદર્શી જ્યોતિકર, લેખક, ઇતિહાસકાર અને સંશોધનકાર | સભ્ય |
| ૧૨ | શ્રી હરબીર સિંઘ, ડાયરેક્ટર, પાન. ઈન્ટેલકોમ લી., દિલ્હી | સભ્ય |

સમિતિના કાર્ય અને ફરજો:

(૧) આ સમિતિનું નામ "સંકલ્પભૂમિ સ્મારક", વડોદરા ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવનને લગત કન્ટેન્ટના ગ્રાફિક્સ તેમજ વોઈસ ઓવર અંગેની ચકાસણી કરવા માટેની કન્ટેન્ટ સમિતિ રહેશે.

(૨) આ સમિતિએ એજન્સી દ્વારા ત્રણેય ભાષામાં તૈયાર કરાયેલ કન્ટેન્ટની સ્ક્રિપ્ટ, એક્ઝીબીટ ટેક્સ્ટ, ગ્રાફિક્સ તેમજ વોઈસ ઓવરની ચકાસણી કરી મંજૂરી આપવાની રહેશે તથા માન.મંત્રીશ્રી(સા.ન્યા.) સમક્ષ રજૂ કરવાનું રહેશે.

(૩) આ સમિતિના બિનસરકારી સભ્યશ્રીઓને નાણાં વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:MSB/102014/1125/CH ની જોગવાઈઓ તથા તેમાં વખતોવખત થતા સુધારાઓને આધિન મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે.

સમિતિના બિનસરકારી સભ્યશ્રીઓને મુસાફરી ભથ્થું/દૈનિક ભથ્થું આપવા અંગે થનાર ખર્ચ અંદાજપત્રના સદર માંગણી નંબર:૯૫, મુખ્ય સદર:૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૮૦૦-અન્ય ખર્ચ, પેટા સદર:(૧૦)-SCW-૨૦ ડૉ.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ ખાતે ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૯/૧૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 11-Dec-2024 (12:54 PM)

(ધર્મિષ્ઠા વસાવા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સમિતિના તમામ સભ્યશ્રીઓ (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 11-Dec-2024 (12:54 PM)